# 11. આપણી આશાઓનાં બીજ

**રાજેન્દ્રસિંહ**
**જન્મ : ૬ ઑગસ્ટ, ૧૯૫૯**
**અનુવાદ : દીપક દોશી**

રાજેન્દ્રસિંહનો જન્મ ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લાના ધૌલામાં થયો હતો. માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ભારતીય ઋષિકુળ આયુર્વેદિક મહાવિદ્યાલય બડૌત, બાગપતમાં શિક્ષણ મેળવ્યું હતું. શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ઈ.સ. ૧૯૮૦માં રાષ્ટ્રીય સ્વયં સેવકસંઘમાં નોકરી શરૂ કરી. રાજસ્થાનમાં તેઓએ (તરુણ) યુવા શિક્ષણની જવાબદારી સંભાળી હતી. તેઓએ વિશ્વમાં પાણીના પ્રશ્નો અને પાણીની કાળજી રાખવા અંગે સમજ આપી છે. ઈ.સ. ૧૯૭૫માં 'સ્ટોકહોમ વોટર' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઈ.સ. ૨૦૦૧માં રમન મેગસેસે એવોર્ડ પણ મળેલ હતો.

અંગ્રેજી નિબંધની અસર નીચે ગુજરાતીમાં પણ નિબંધ લખવા શરૂ થયા. કોઇ વિષય વિશે પોતાના વિચારો, અનુભવો, માહિતી, સંવેદનો, વગેરેને તેમના મહત્ત્વ અનુસાર વ્યવસ્થિત ક્રમમાં ગોઠવીને લખાતું લખાણ તે નિબંધ. અંગ્રેજીમાં essay નો અર્થ થાય પ્રયાસ અથવા પ્રયત્ન. નિબંધનો અર્થ થાય સારી રીતે ગોઠવાયેલું લખાણ. કોઈપણ વિષય વિશે નિબંધ લખી શકાય. એમાં તે વિષય વિશેની માહિતી, લખનારના વિચારો, અનુભવો વગેરે હોઈ શકે. એ વિષયનું વર્ણન ચિત્રાત્મક રીતે, પૃથક્કરણાત્મક રીતે, ભાવાત્મક રીતે, તુલનાત્મક રીતે એમ વિવિધ રૂપે હોઈ શકે. એમાં એકસૂત્રતા અને આંતરવિરોધનો અભાવ હોય અને મહત્ત્વની વાતોની ક્રમબદ્ધતા હોય તે અત્યંત જરૂરી ગણાય.

વિચારપ્રધાન અથવા માહિતીપ્રધાન નિબંધમાં વાંચનારને ઉપયોગી એવી પ્રમાણભૂત અથવા અનુભવ આધારિત માહિતી હોય છે. એ માહિતીને મુદ્દાસર એટલે કે તેનાં વિવિધ પાસાંને તેમના મહત્ત્વના ક્રમ અનુસાર ગોઠવી શકાય છે. તેમાં જાણકારી ઉપરાંત અભિપ્રાયો પણ હોય. વાચકને આવા નિબંધથી જ્ઞાનલાભ થાય અને તેની માહિતી અને વિચારશક્તિ વધે છે.

'આપણી આશાઓનાં બીજ' એ નિબંધને કોઈ આત્મકથાઅંશ કહી શકે. પરંતુ એમાંની માહિતી, અનુભવ ને અભિપ્રાયો નિબંધની રીતે રજૂ થયા છે. માત્ર રાજસ્થાનમાં જ નહીં, આપણા આખા દેશમાં અને વિશ્વભરમાં પેયજલ અને ઉપયોગી થઈ શકે એવા પાણીની અછત છે. ભૂગોળમાં આપણે ભણીએ છીએ કે આ પૃથ્વી ઉપર એક ભાગ જમીન અને ત્રણ ભાગ પાણી છે. એમાંનું મોટાભાગનું પાણી દરિયામાં છે અને ઉપયોગી નથી. પણ કુદરતે એ પાણીને વાદળામાં ફેરવીને દર વરસે આ પૃથ્વી ઉપર વરસાવવાની વ્યવસ્થા ગોઠવી છે. આ વ્યવસ્થા યુગોથી ચાલે છે પણ આપણે એ વ્યવસ્થા ખોરવાય એવું જીવન જીવીએ છીએ. જંગલો કાપીએ છીએ, નવાં વૃક્ષો જરૂર મુજબ ઊગાડતા નથી, કોલસા, પેટ્રોલ, ડીઝલ, લાકડાં વગેરે બાળીને વાતાવરણને બગાડીએ છીએ - ગરમ કરીએ છીએ. વરસાદ ઓછો થતો જાય છે અને આપણે પાણી વધુ વાપરીએ છીએ, કહોને કે વેડફીએ છીએ. 'આમદાની અઠન્ની, ખરચા રૂપૈયા' જેવો ઘાટ થયો છે.

આ વૈશ્વિક સમસ્યાના ઉકેલ માટે ઘણા માણસો મથે છે. આપણે પાણી પીએ છીએ પણ પાણીને જાણતા નથી. અનુપમ મિશ્ર નામના એક ગાંધીવાદી પર્યાવરણવિદે 'આજ ભી ખરે હૈં તાલાબ' નામનું સોએક પાનાનું પુસ્તક લખ્યું છે. ઈ.સ. ૧૯૯૩માં પ્રગટ થયેલા આ પુસ્તકમાં તેમણે લખ્યું છે કે અંગ્રેજો આવ્યા તે પહેલાં ભારતભરમાં અગિયાર લાખ કરતાં વધારે તળાવ હતાં. એકલા દિલ્હી શહેરમાં જ આઠસો ઉપરાંત તળાવ હતાં. શ્રી રાજેન્દ્રસિંહના આ નિબંધમાં તમને પાણીનું મૂલ્ય અને સાથે સ્વાવલંબનનું મૂલ્ય સમજાવાયું છે. સાચું ભણતર પદવીઓ મેળવવાથી મળતું નથી, સમજણ કેળવાય ત્યારે પ્રાપ્ત થાય છે એ વાત તમને આ નિબંધ સમજાવશે.

---

ઈ.સ. ૧૯૮૪માં ભારત સરકારની નોકરી છોડી હું રાજસ્થાન ગયો ત્યારે મારા મનમાં હતું કે હું જે ભણ્યો છું તેને ધરતી ઉપર ઉતારું. જેથી મારા ગામના લોકો ભણીગણીને સક્ષમ બને. પણ મેં જોયું કે ગામ તો ઉજ્જડ જેવાં થઈ ગયાં હતાં. પાણીની અછતને લીધે ખેતી નહોતી, પશુપાલન નહોતું. યુવાવર્ગ વ્યવસ્થા અર્થે બહાર જતો રહ્યો હતો. માત્ર થોડાં વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓ બચ્યાં હતાં. મેં બાળકોને શિક્ષણ અને વૃદ્ધોને દવા આપવાના કામથી શરૂઆત કરી.

કામ શરૂ કર્યાના સાત મહિના થઈ ગયા હતા. એક દિવસ માનુકાકા આવ્યા. આમ તો તેઓ દરરોજ મારી પાસે આવતા, પણ આજે બહુ ગુસ્સામાં હતા. કહે : ''રાજેન્દ્ર, તું દેખાય છે ખૂબ ડાહ્યો પણ નકામાં કામો કર છે.'' મને સમજાયું નહીં તેથી પૂછયું, ''કાકા, કયું નકામું કામ કરું છું ?'' ત્યારે તેમણે કહ્યું. ''આ તારા શિક્ષણનું અને દવાનું. આ તો કમાણીનાં કામો છે. જેને બાળકોને ભણાવવાં છે તેઓ ભલે શહેરમાં જાય અને જેને જીવવું છે તેઓ નાણાં ચૂકવી દવા કરાવે. પણ આપણને પાણીનું કેટલું મોટું સંકટ છે ! કેટલે દૂરથી આપણે પાણી લાવવું પડે છે ! આવી પીડામાં જીવીને પણ શું શક્કરવાર !''

''કાકા, તો મારે શું કરવું ?'' મેં પૂછ્યું.

''દર વર્ષે વાદળાં પાણી લઈને આવે છે અને એ પાણી પાછું આકાશમાં ઊડી જાય છે. તું એ પાણીને ધરતીમાં ઉતારી ધરતીનું પેટ પાણીથી ભર.''

''પણ કાકા, એ કામ મને આવડતું નથી. કોઈ પણ શાળા ધરતીનું પેટ પાણીથી કઈ રીતે ભરવું તે શીખવતી નથી.'' ''એ તને હું શીખવી દઈશ.'' માનુકાકાએ પ્રસન્નતાપૂર્વક કહ્યું. પરંતુ જે વ્યક્તિ પોતાને ભણેલગણેલ માને છે એના મનમાં વૃદ્ધવયસ્કો માટે ખાસ આદર નથી હોતો. મારા મનમાં પણ એવું જ હતું. તેથી મેં કહ્યું, ''તું મને શીખવાડે એના કરતાં તું પોતે કેમ નથી કરતો.'' મારી આ વાત સાંભળીને એની આંખોમાં આંસુ ઊભરાયાં. ''મારા કરવાથી આ ન થાય. ગામમાં હવે પ્રજાનાં સામુદાયિક કામો વિશે કોઈ વિચારતું જ નથી ! કોઈ સામુદાયિક કામ થતું જ નથી.''

''તો મારા કહેવાથી શા માટે કરે ?''

''તારા કહેવાથી કામ થશે કારણ કે તું કોઈનો કોઈ સગો નથી. અને જે કોઈનો ન હોય તે બધાનો હોય !''

''કાકા, પણ હું એ કરી શકીશ ?''

''હા, તું એ જરૂર કરી શકીશ.''

તમને સાચી વાત કરું ? મને ભણાવવા માનુકાકા પાસે માત્ર ત્રણ શબ્દ હતાઃ ધરતી, ધરતીનું પેટ અને પેટાળમાં પડેલા સળ એટલે કે પોલાણ. જો એ પેટાળના સળમાં પાણી સંઘરાઈ જાય તો ધરતીનું પેટ પાણીથી ભરાઈ જશે. મિત્રો, એમણે ત્રણ દિવસમાં મને ૨૫ સૂકા કૂવાઓમાં ઉતાર્યો. નીચે ઊતરીને એમણે બતાડ્યું કે જો અહીં પેટાળમાં સળ છે. અહીં પાણી સચવાઈ જાય તો સૂરજ પાણી ચોરી નહીં શકે.

તમે જાણો છો કે રાજસ્થાન જેવા મરુસ્થલમાં આમ પણ વરસાદ ઓછો આવે છે. ક્યારેક આવે તોય સૂરજ એવો તપે કે એની લાલઘૂમ આંખોથી તરત ઊડી જાય. તો આ કાકાએ મને ૨૫ કૂવાઓમાં ઉતારીને મારી પીએચ.ડી. પૂરી કરી દીધી. એમણે કહ્યું, જા, તારું ભણતર પૂરું થઈ ગયું. હવે પાણીનું કામ કર. પછી તો પાછલાં ૩૧ વર્ષમાં ત્યાંની સાત નદીઓ અમે સજીવન કરી. હું વાદળોનાં ટીપાં ધરતીના પેટમાં ઉતારતો ગયો, ધરતીનું પેટ ભરાતું ગયું એટલે નદીઓ વહેવા લાગી.

તમે જાણો જ છો કે આઝાદી પહેલાં આપણે ત્યાં દુકાળ પડતો એના કરતાં દસ ગણી વધુ જમીન આજે વેરાન બની છે. ત્યારે જેટલાં પૂર આવતાં હતાં એના કરતાં આઠ ગણી જમીન ઉપર પૂર વધુ આવે છે. અને છેલ્લાં બે વર્ષથી તો પહાડો ઉપર પણ પૂર આવવા માંડ્યાં છે. કારણ કે વર્તમાન શિક્ષણે આપણને શીખવ્યું છે કે આપણી અંદર જે મૂળ જ્ઞાન ભર્યું છે એને ભૂલી જાઓ. જ્યારે આપણે આપણા મૂળ જ્ઞાનને, તત્ત્વજ્ઞાનને ભૂલી જઈએ છીએ ત્યારે જીવનમાં વિકૃતિઓ પ્રવેશે છે. જે અંતતોગત્વા આપણને વિનાશના રસ્તે ઊભા કરી દે છે.

આવા વિપરીત સંજોગોમાં આપણી પાસે એવું કયું જ્ઞાન છે જે આપણને સાચે રસ્તે લઈ જઈ શકે ? બુનિયાદી તાલીમ જેવાં એક-બે નામ લઈ શકાય. આઝાદી મળ્યા બાદ એ પ્રયોગ રૂપે શરૂ થયેલી પદ્ધતિઓ છે. તેમ છતાં હું કોઈ પણ પદ્ધતિના નામ વગર એટલું કહી શકું કે હજી આજે પણ આ દેશમાં અને દુનિયામાં મોટી સંખ્યામાં એવા લોકો છે જે પોતાની જરૂરિયાત પૂરતું જ પ્રકૃતિ પાસેથી લે છે અને જેટલું પ્રકૃતિ પાસેથી લે છે એને સાદર પરત કરવાનો ભાવ એમના મનમાં હોય છે. એ સામુદાયિક સંપદા ઉપર અતિક્રમણ નથી કરતા, ન પોતાના અભ્યાસના ગુમાનમાં કોઈનું શોષણ કરે છે.

પ્રકૃતિની વિટંબણાઓનું પ્રાકૃતિક રીતે નિરાકરણ થાય એ તરફની વૃત્તિ વધી રહી છે. હું હમણાં લંડન ગયો હતો. પ્રિન્સ ચાર્લ્સે બોલાવ્યો હતો. તમે સૂકી નદીઓને વહેતી કરી છે. અહીંની બધી નદીઓ સૂકાઈ રહી છે. પછી જ્યારે વરસાદ વરસે છે ત્યારે અચાનક પૂર આવી જાય છે. આને કઈ રીતે રોકવું ? મેં કહ્યું કે તમારા એન્જિનિયરોને બોલાવો અને કહો કે જ્યાં પાણી વરસે છે, એને ત્યાં જ રોકી રાખો જેથી પાણી જમીનની ભીતર ચાલ્યું જશે. પછી જ્યાં પૂર આવશે ત્યાં ધીમે ધીમે આવશે તેમ જ મર્યાદામાં આવશે અને અટકી જશે... પણ આ જ વાત હું બિહારમાં છેલ્લાં સાત વર્ષથી કહી રહ્યો છું છતાં આજ સુધી એક પણ જગ્યાએ જળસંચયન અને ભૂમિસંચયનનું માળખું નથી બન્યું !

હવે આપણે જો સાચા શિક્ષણની શરૂઆત કરવી હશે તો આપણે આપણી પ્રકૃતિ સાથે આપણી ખેતીનો સંબંધ સમજવો પડશે. કૃષિમાંથી વધુ ઉત્પાદન લેવાનો મોહ છોડી દઈએ. વધુ ઉત્પાદન માટે ખેતીને આપણે ઝેર પિવડાવીએ છીએ. ઝેર પિવડાવાને બદલે આપણે એને અમૃત પિવડાવીએ. આ અમૃત એટલે વાદળોમાંથી વરસતાં વર્ષાબિંદુ. આ ઉપરાંત હવે પછીની પેઢીમાં શ્રમનિષ્ઠા, ઉદ્યમ કરીને જ આહાર લેવાની ટેવ પાડવાનું શિક્ષણ આપો. ૨૧મી સદીમાં આપણી સામે સૌથી મોટો પડકાર છે શિક્ષણનું બજારીકરણ. આજે આવાં બજાર ખાનગી વિશ્વવિદ્યાલયો બની રહ્યાં છે. આવાં વિશ્વવિદ્યાલયોને અટકાવી ન શકાય તો ઓછામાં ઓછું એના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીએ. એ સંવાદ દ્વારા એમને પ્રકૃતિના જતન, જીવનનાં સંવર્ધન, શ્રમનિષ્ઠ જીવન તરફ લઈ જઈ શકીએ કે નહિ ? જો એમ નહિ થાય તો આ બજારો આપણું સર્વસ્વ ઓહિયાં કરી જવા તૈયાર બેઠાં છે.

હું મારો અનુભવ કહું. જ્યારે અમારી એક નદી અલવારી જીવતી થઈ તો સૌ પ્રથમ ત્યાં રાજસ્થાન સરકાર પહોંચી ગઈ. શા માટે ? પૈસા કમાવવા માટે. એ નદીની માછલીઓ માટે એમણે ઠેકા આપી દીધા. આ ઠેકેદાર જેવા નદીકિનારે પહોંચ્યા કે નદીની બંને તરફ લોકો એકઠા થઈ ગયા. એમણે પોતાની સમજશક્તિથી, ભણતરથી,મહેનતથી નદીને જીવતી કરી હતી. એમણે ઠેકેદારને કહ્યું કે આ નદી પણ અમારી છે, આ પાણી નહોતું ત્યારે સરકાર ક્યાં ગઈ'તી ? હવે જ્યારે નદીમાં પાણી આવ્યું તો સરકાર ક્યાંથી આવી ગઈ ? આ ઠેકાના પટા તમે સરકારને પાછા આપી દો. મિત્રો, એમણે સંગઠિત થઈ, જે ૧૮ પટા નદી માટે આપવામાં આવ્યા હતા એને રદ કરાવ્યા. આ પટા રદ કરવાની શક્તિ એમનામાં ક્યાંથી આવી ? કારણ કે આ કાર્યમાં એમનું પોતાનું યોગદાન હતું. જ્યારે તમે કંઈક સર્જો છો તો શક્તિ આપોઆપ આવે છે. રચનાત્મક કાર્ય દ્વારા શિક્ષણ અને શિક્ષણ દ્વારા રચનાત્મકતા એ બંનેનો ગાઢ સંબંધ છે.

પટા રદ કરાવ્યા બાદ પણ તેઓ જંપીને ન બેઠા. એમણે વિચાર્યું કે આજની આ ભણેલી-ગણેલી નવી પેઢીએ એ દિવસો જોયા નથી જ્યારે નદીમાં પાણી નહોતું. હવે પાણી આવી ગયું છે તો શેરડી વાવીશું. એને માટે આખી નદીના તટપ્રદેશનું એક સંઘટન બનાવવાનું વિચાર્યું. ઉદ્‌ગમથી લઈને ઠેઠ સંગમ સુધીના બંને તટનાં ગામોની એક સંસદ બનાવી. એનું નામ રાખ્યું. અલવારી સંસદ. આ સંસદ વર્ષમાં બે વાર ૬ દિવસ માટે મળે છે. એમાં પોતાના પરસ્પરના વિવાદો ઉકેલે છે. વિવાદ કેવા હોય ? જે જમીનમાં શેરડી રોપવાનું બંધ કરાવ્યું છે ત્યાં કોઈએ એકાદ વીઘા જમીન ઉપર શેરડી વાવી દીધી છે તો શું કરવું ? કારણ કે નદીમાં વધુ પાણી નથી. આ ગંગા-તટ પ્રદેશની સાત નદીઓ છે. ગંગા નથી. રાજસ્થાની જમીન ઉપર છે. અત્યાર સુધી સૂકી અને જળહીન. હવે થોડું પાણી આવ્યું છે. પણ આ જે નવા છોકરા છે તેઓ એમાંથી સપાટાભેર વધુમાં વધુ પાણી કાઢવાની પેરવીમાં છે. એમને ધીરજ જેવું કાંઈ નથી. જો કે આખરે આપણાં જ સંતાનો છે, એમને વધુ રોકીશું તો ગરબડ વધશે. સામે બળવો પોકારશે. એટલે પોતાનાં સંતાનોને યોગ્ય માર્ગદર્શન મળે તે માટે ભણાવવાની જુદી તરકીબ શોધવી પડશે. ખેડૂતોએ એમાંથી ઉપાય શોધી કાઢ્યો. એક વીઘામાં શેરડી રોપવાથી ઘણું પાણી વપરાય. એટલે ચાર વીઘાં ચણામાં ઓછું પાણી વપરાય. જો એક પાક વધુ પાણીવાળો કર્યો તો બીજો પાક ઓછાં પાણીવાળો લો.

દૂરંદષ્ટિના અભાવે જ પ્રકૃતિની સર્વ સમસ્યાઓ ઊભી થાય છે. આજે આપણે જોઈએ છીએ કે ભારતમાં એકેય નદી બચી નથી. બધી નદીઓ નાળાં બની ગઈ છે. શહેરની બધી ગંદકી સીધી નદીઓમાં ઠલવાય છે.

પહેલાં એવું નહોતું. નદીઓનું નિયોજન બરાબર હતું. બનારસમાં ત્રિકુંડી વ્યવસ્થા હતી. એમાં આગળના તળાવમાં ગંદું પાણી એકઠું થતું. એમાંથી નીતરીને એ બીજા તળાવમાં અને પછી ત્રીજા તળાવમાં પાણી આવતું. આમ શુદ્ધ થયેલું પાણી ગંગાજીમાં જતું હતું. પણ ૧૯૩૨માં અહીંના કમિશ્નર હોકિંગ્સે બ્રિટિશ સરકારના નિર્દેશાનુસાર આ વ્યવસ્થા બંધ કરી દીધી. એમણે ખૂબ ચાલાકીથી એક લાઈનનો ઓર્ડર બહાર પાડ્યો કે બનારસને સુંદર બનાવવા માટે નાળાનું પાણી સીધું ગંગાજીમાં છોડવામાં આવે. રાજઘાટના લોખંડના પુલ પાસે છોડવામાં આવતું નાળાનું પાણી આજે પણ જોઈ શકાય છે. માલવિયાજીને આ વાતની ખબર પડી ત્યારે તેઓ પોતાના કેટલાક અધ્યાપકો સાથે હોંકિગ્સને મળ્યા. હોકિંગ્સે કહ્યું કે તમે નક્કી કરી લો, તમારે ગંગા જોઈએ છે કે સુંદર બનારસ. અમારી સરકારે બનારસને સુંદર બનાવવા વીસ લાખ રૂપિયા મોકલાવ્યા છે. એ દિવસોમાં વીસ લાખ ખૂબ મોટી રકમ ગણાતી. આ સાંભળીને સાથેના અધ્યાપકોએ કહ્યું કે આટલા રૂપિયા આવ્યા છે એનો ઉપયોગ પહેલાં થાય તો સારું. પછી પાણી રોકવું હશે તો રોકી લઈશું ! માલવિયાજી સાથીઓની આ વાત સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. તો આ છે આધુનિક શિક્ષણ, જે વધુ લાંબું જોઈ શકતું નથી.

પણ જે ભારતીય સમજ છે, દૃષ્ટિ છે, એમાં જેની પાસેથી કંઈ લીધું હોય એના પ્રત્યે એક કૃતજ્ઞતાનો ભાવ હોય છે. આ આભાર-ભાવને લીધે જ માત્ર ભારતમાં નદીઓને, ધરતીને, ગાયને માતા કહે છે. કારણ કે એની પાસેથી આપણે સતત લીધા કર્યું છે. એમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ આપણા શિક્ષણનો મૂળમંત્ર છે.

મને શ્રદ્ધા છે કે હજી પણ અનેક આશાઓ આપણી આસપાસ છે. આપણા દેશની ધરતી મોજૂદ છે. આ આશાઓને એકસાથે ગૂંથીને ૨૧મી સદીમાં આપણને જે પ્રકારના શિક્ષણની આવશ્યકતા છે એ પ્રકારના શિક્ષણ માટે સક્રિય બનીએ. એને માટે સૌથી વધુ અગત્યનું છે કે પ્રકૃતિ સાથે આપણે સંવાદ શરૂ કરીએ. હવે આપણે આપણી ધરતી, નદી, ઝાડ-પાન, ગાય સાથે વાતચીત નથી કરતા. એની જરૂર છે. પોતાના સમાજ સાથે પણ સંવાદ સાધીએ. એમાંથી જ આપણી કેટલીક આશાઓનાં બીજ ઊગી નીકળશે. અને આ બીજ આપણને આગળ લઈ જશે. હું એવાં સેંકડો ઉદાહરણ તમારી સમક્ષ મૂકી શકું જેમાં લોકોએ પોતાની ધરતી સાથે, પ્રકૃતિ સાથે વાતચીત કરવાની શરૂઆત કરી. ત્યાં સ્વરાજ્ય કઈ રીતે આવ્યું, ત્યાં સ્વાવલંબન કઈ રીતે આવ્યું, ત્યાં સ્વદેશપ્રેમ કઈ રીતે જાગૃત થયો ? એમણે પોતાનાં જંગલ સાથે, જમીન સાથે, વરસાદ સાથે વાત કરી. વરસાદનાં ટીપાં સાચવીને જ્યાં સંઘરવાનાં હતાં ત્યાં સંઘર્યાં. જ્યારે અનિવાર્ય હતું ત્યારે એનો યોગ્ય માત્રામાં ઉપયોગ કર્યો. એ પણ પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે નહીં પણ સામૂહિક રીતે. ગ્રામસભાઓએ સાથે મળીને ખાતર-પાણી-બિયારણ પોતાના હાથે નિર્માણ કર્યું. એ પછી તો ન મને ડૉક્ટર માટે બહાર જવાની જરૂર પડી, ન બજારમાંથી સામાન લાવવાની. ગામમાં એને લીધે સ્વાવલંબન આવ્યું. આ જ બુનિયાદી શિક્ષણ છે.

•

## ટિપ્પણ

**ઉજ્જડ** - વેરાન **શક્કરવાર** - ફાયદો **સળ** - ગેડ **મરુસ્થલ** - મરુભૂમિ **પર્યાપ્ત** - પૂરતા પ્રમાણમાં **પ્રાકૃતિક** - કુદરતી, પ્રકૃતિમાંથી મળેલ **ઉપભોક્તા** - ઉપયોગ કરનાર **સંચય** - એકત્ર કરવું, સંગ્રહ **વિસ્થાપન** - સ્થાપના **વિકૃતિ** - વિકાર **અંતતોગત્વા** - છેલ્લે **અતિક્રમણ** - હુમલો કરવો, ઓળંગી જવું **વિટંબણા** - મુશ્કેલી, સંતાપ **ઉદ્યમ** - પરિશ્રમ, મહેનત **રચનાત્મક** - નવું રચવાનું હોય તેવું **ઉદ્‌ગમ** - શરૂઆત, ઉદ્‌ભવસ્થાન **સંગમ** - અંતિમસ્થાન. અહીં નદીના દરિયામાં ભળી જવાની જગ્યા **તરકીબ** - યુક્તિ, પ્રયાસ **દૂરંદેષ્ટિ** - ખૂબ આગળનું જોનારા **સ્તબ્ધ** - આશ્ચર્યચકિત થવું **કૃતજ્ઞતા** - કોઈનો ઉપકાર માનવાની વૃત્તિ **મોજૂદ** - હયાત, હાજર **સ્વાવલંબન** - સ્વાશ્રય, પોતાના પર આધાર રાખવો તે

## રૂઢિપ્રયોગ

**આંખમાં આંસુ ઊભરાવાં** - ખુબ દુઃખ થવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખક રાજસ્થાન ગયા ત્યારે તેમના મનમાં શું હતું ?
2. પાણીની અછતને કારણે ગામની સ્થિતિ કેવી જણાઈ ?
3. એક દિવસ લેખકને માનુકાકાએ શું કહ્યું ?
4. લેખકને માનુકાકાએ કયું કામ સોંપ્યું ?
5. લેખકને ભણાવવા માટે માનુકાકા પાસે કયા ત્રણ શબ્દો હતા ?
6. આપણા જીવનમાં વિકૃતિઓ ક્યારે પ્રવેશે છે ?
7. સાચા શિક્ષણની શરૂઆત કરવા માટે કયો સંબંધ સમજવો પડશે ?
8. લેખકની દૃષ્ટિએ ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર જણાવો.
9. ખેડૂતોએ પાણીની અછતના કારણે કયા પાકો લેવાની તરકીબ શોધી ?
10. કયાં કારણોસર આજે પ્રકૃતિની સર્વ સમસ્યાઓ ઊભી થાય છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યોમાં આપો.**

1. લેખકને પોતાના ગામમાં પાણીની તંગીને કારણે શું જોવા મળ્યું ? ત્યાં તેમણે શાની શરૂઆત કરી હતી ?
2. શિક્ષણ અને વૃદ્ધોને દવા આપવાના કાર્ય સાથે માનુકાકાએ લેખકને ગુસ્સામાં શું કહ્યું ?
3. રાજસ્થાનની મરુભૂમિમાં પાણી અંગેના લેખકને થયેલા પ્રત્યક્ષ અનુભવો જણાવો.
4. આઝાદી પહેલાં અને આઝાદી પછી આવેલાં પ્રાકૃતિક પરિવર્તનો જણાવી તેનાં કારણો ટૂંકમાં જણાવો.
5. લેખકની લંડનમાં પાણીના સંચયન અંગે પ્રિન્સ ચાર્લ્સ સાથેની ચર્ચા રજૂ કરો.
6. લેખકે પ્રકૃતિ સાથે આપણી ખેતીનો સંબંધ કેવી રીતે જોડવાની વાત કરી છે ? શા માટે ?
7. 'રચનાત્મક કાર્ય દ્વારા શિક્ષણ' અને 'શિક્ષણ દ્વારા રચનાત્મક કાર્ય' બંને વચ્ચેનો સંબંધ સમજાવો.
8. રાજસ્થાનના ખેડૂતોએ ઓછા પાણીના કારણે ખેતી ક્ષેત્રે શોધેલા ઉપાયો જણાવો.
9. દૂરંદષ્ટિના અભાવે પ્રકૃતિની સર્વ સમસ્યાઓ પેદા થાય છે - સમજાવો.
10. કયાં કારણોસર ભારતમાં લોકો નદીઓ અને ગાયને માતા કહે છે ?
11. 'આપણી આશાઓનાં બીજ' દ્વારા લેખક આપણને શું સંદેશો આપે છે ?

**પ્રશ્ન 3. સમાનાર્થી શબ્દો લખો.**

ઉજ્જડ, વ્યવસાય, સંકટ, સળ, નિરાકરણ, વિસ્થાપન, અચાનક, ઉદ્યમ

**પ્રશ્ન 4. વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

સજીવ, ખાનગી, રચનાત્મક, વ્યવસ્થા, આધુનિક, સ્વાવલંબી, નિર્માણ, પ્રાકૃતિક

**પ્રશ્ન 5. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

વિશ્વવીધાલય, એન્જીનીયર, પાકુતીક

**પ્રશ્ન 6. નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપો.**

આંખોમાં આંસુ ઊભરાવવાં, ઓહિયાં કરી જવું, ઠેકા આપવા

**પ્રશ્ન 7. સંધિ છોડો**

ઉજ્જડ, દુરુપયોગ

### આટલું કરો

1. 'જળ એ જીવન છે' પ્રાર્થના સંમેલનમાં રજૂ કરો.
2. આપણા જીવનમાં પાણીનું મહત્ત્વ સમજો અને અન્યને સમજાવો.
3. વરસાદનું પાણી, નદીઓના વહી જતાં પાણીને રોકવા અને તેના ઉપયોગ માટેના ઉપાયો વિચારો.
4. સ્વ.શ્રી અનુપમ મિશ્રનાં ૧. "આજ ભી ખરે હૈં તાલાબ" અને ૨. "રાજસ્થાન કી રજતબૂંદે" પુસ્તકો મેળવીને વાંચો.

●

## વ્યાકરણ લેખન એકમ : ૨

### નિબંધ

નિબંધ કેવી રીતે લખાય તે વિશે દસમા ધોરણમાં વિગતે શીખ્યાં હતાં. હવે બારમા ધોરણમાં થોડી વધારે ચોકસાઈ અને ઝીણવટ રાખો એ જરૂરી ગણાય. એ માટે નીચેનાં સૂચનો યાદ રાખો.

1. જે વિષય વિશે તમે વાંચ્યું હોય, માહિતગાર હો તેવો જ વિષય પસંદ કરો.
2. જે વિષય પસંદ કર્યો છે એમાં આવી શકે એવી તે વિષયની બધી મહત્ત્વની બાબતોની યાદી બનાવો. એ યાદી બે વાર વાંચો. એમાં રહી ગયેલી કોઈ મહત્ત્વની બાબત યાદ આવે તો ઉમેરો. કોઈ ઓછી મહત્ત્વની નોંધાઈ ગયેલી બાબત કાઢી નાખો.
3. જે મહત્ત્વની બાબતોની યાદી તમારી પાસે છે તે તમે પસંદ કરેલા નિબંધના મુદ્દાઓ બનશે. એ મુદ્દાઓને તર્કપૂણ ક્રમમાં ગોઠવો. એ ક્રમ તર્કપૂર્ણ શા માટે છે તે વિશે બે મિનિટ વિચારો. તેમાં ફેરફાર કરી શકો.
4. તમે પસંદ કરેલા દરેક મુદ્દાના સમર્થન માટે અથવા પુષ્ટિ માટે કોઈ કાવ્યપંક્તિ કે જાણીતા લેખકનું વાક્ય યાદ આવે તો નોંધો. દરેક મુદ્દા માટે એક વાક્ય કે કાવ્યપંક્તિ નોંધી શકાય તો ઉત્તમ.
5. પસંદ કરેલા, નક્કી થયેલા મુદ્દાઓ સિવાય બીજું કશુંય તમારા લખાણમાં ન પ્રવેશે તેની કાળજી રાખો નહીં તો વિષયની બહાર જવાનો, વિષયાંતરનો ખતરો રહેશે.
6. બધા મુદ્દાઓને બને તેટલા ટૂંકાણમાં, ટૂંકાં-સરળ વાક્યોમાં રજૂ કરો.
7. તમે ન જાણતા હો પણ ક્યાંક સાંભળ્યા હોય અને તમને ગમી ગયા હોય તેવા શબ્દો વાપરવાથી દૂર રહો. અટપટા કે અઘરા શબ્દો ન વાપરો.
8. ખંડનાત્મક અથવા ટીકાત્મક લખાણથી દૂર રહો. પરસ્પર વિરોધી લાગે તેવા વિચારો લખાણમાં ન આવી જાય તેની કાળજી રાખો.
9. દરેક મુદ્દાને અલગ પેરેગ્રાફમાં રજૂ કરો. મુદ્દાઓની અને વિચારોની ભેળસેળ ન થઈ જાય તેની કાળજી રાખો.

આટલું ધ્યાનમાં રાખીને તમે ચિંતનાત્મક, વિચારપ્રધાન, માહિતીપ્રધાન, ઘટનાપ્રધાન (પ્રવાસ નિબંધ જેવા) કે આત્મકથનાત્મક નિબંધ લખો. જુદા જુદા વિષયો ઉપર જાતે નિબંધ લખવા, તે જ વિષય ઉપર મિત્રોએ લખેલા નિબંધો સાથે તેને સરખાવવા, એ સરખામણીને આધારે પોતાની વિશેષતાઓ અને મર્યાદાઓ સમજવી, પોતાની વિશેષતાઓ વધુ અને વધુ કેળવવી અને મર્યાદાઓ દૂર કરવી - એ સારા નિબંધ લખતા થવા માટે અત્યંત જરૂરી છે. આ માટે તમારા પ્રશ્નપત્રમાં ૧૦(દસ) ગુણ ફાળવવામાં આવ્યા છે. તેથી પણ આનું મહત્ત્વ તમને સમજાશે.

## લેખન એકમ : ૩

### વિચારવિસ્તાર

સામાન્ય રીતે કોઈ એક સારગર્ભ, ચિંતનગર્ભ, અર્થગર્ભ એવી કાવ્યપંક્તિ કે ગદ્યપંક્તિ આપવામાં આવે છે અને તેમાંના વિચારને વિસ્તારીને રજૂ કરવાનો હોય છે.

સૌથી પહેલાં તો એ પંક્તિ અથવા લીટીનો અર્થ બરાબર સમજી લેવો જોઈએ. એમાંથી જે સાદોસીધો અર્થ સમજાતો હોય તે તમારા શબ્દોમાં લખવાનો પ્રયત્ન કરવો. એ સાદાસીધા અર્થ દ્વારા જીવનની કોઈ મોટી વાત, જીવનનું કોઈ અગત્યનું રહસ્ય સૂચવવાનો એ પંક્તિમાં આશય હોય છે. એ સીધાસાદા અર્થ પાછળ શેનું સૂચન છે તેનું વિવરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આ સૂચનાની સાથે સુસંગત તેવાં દૃષ્ટાંતો અથવા ઉદહારણો તમને યાદ આવે તે એની પુષ્ટિરૂપે તમારે રજૂ કરવાં જોઈએ. એ ઉદાહરણો અને દાખલા, દલીલો એકપછી એક ક્રમમાં રજૂ થાય, પંક્તિમાંથી સૂચવાતા વિચારને ક્રમશઃ વધુ સ્પષ્ટ કરતાં હોય તે રીતે રજૂ થાય તો એ વધારે અસરકારક બની શકે.

આ રજૂઆત માટે તમે જે ભાષાનો ઉપયોગ કરવાનાં હોય તે વિશે પણ તમારે સભાન રહેવું જોઈએ. લખવાની શરૂઆત કરો તે પહેલાં આપેલી પંક્તિમાંનો ઉપરછલ્લો દેખાતો સીધોસાદો અર્થ અને એ દ્વારા થતું સૂચન મુદ્દારૂપે લખો. એ મુદ્દાને તમારે વિસ્તારવાનો છે તો તે માટે કરી શકાય તેવી દલીલો અને વર્ણનોના

મુદ્દાઓની નોંધ કરો. એ મુદ્દાઓની પુષ્ટિ માટે તમે જે ઉદાહરણો કે દૃષ્ટાંતો આપવાના છો તેની નોંધ કરો અને છેલ્લે તમે આ બધું જે ભાષાસામગ્રીની મદદથી રજૂ કરવા ધારો છો તે શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતોની પણ નોંધ કરો.

આ નોંધ, જેને તમારા લેખન માટેની કાચી સામગ્રી કહી શકાય તેને તૈયાર થઈ ગયા પછી જ લખવાની શરૂઆત કરો.

•

સમગ્ર માનવજાતના અનુભવના સારરૂપે કહેવત આવતી હોય છે. ઘણીવાર તો કોઈ એવી ચોટદાર કાવ્યપંક્તિ પણ કહેવતનું રૂપ લઈ લે. કહેવતમાં રજૂ થયેલો વિચાર જ્યારે વિસ્તારવાનો હોય ત્યારે એ વિચાર કયા અનુભવમાંથી આવ્યો તે પણ બતાવી શકો તો ઉત્તમ. એ કહેવત સાથે જોડાયેલી બીજી કહેવત પણ નોંધી શકો તો વધુ ઉત્તમ. અહીં એક નમૂનો લઈએ.

**મા તે મા**

'અનન્ય' અલંકારનું આ ઉત્તમ દૃષ્ટાંત છે. મા માટે બીજું કયું ઉપમાન આપી શકાય ? માની સરખામણી બીજી કઈ વસ્તુ સાથે થઈ શકે ?

જો કે કવિ બોટાદકરે, 'મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે.' એમ વ્યતિરેક અલંકાર વાપરીને ઉપમાન (જેની સરખામણી કરી છે) મધુ અને મેહુલા કરતાં પણ મા વધુ મીઠી હોવાની વાત કરી છે. મધ કરતાં મીઠું કંઈ હોય ? કવિએ માને-માની વહાલપને મધ કરતાં પણ મીઠી કહી છે.

પણ આ કરતાંય જ્યારે 'મા તે મા' એમ કહેવાય ત્યારે માનું સ્થાન આ જગતમાં કોઈથી કે કશાથી લઈ શકાય નહીં એમ સૂચવાય છે. બાળક પણ બોલતાં શીખે ત્યારે પહેલો શબ્દ કયો બોલે છે ? 'બાળક બોલે અક્ષર પહલો, બા, બા, બા' જગતની બધી ભાષાઓ બોલતાં બાળકો માની ઓળખ માટે સૌ પ્રથમ સરળ હોય તેવો શબ્દ બોલે છે. એક કવિએ લખ્યું છે કે, 'દુનિયાની દરેક ભાષામાં એક શબ્દ એવો છે કે, 'ઈશ્વરને સૃષ્ટિ સર્જવાનું મન થયું અને એણે પહેલવહેલી સરજી મા.' મા તો ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરે છે કારણ કે આ અદ્‌ભુત સૃષ્ટિના સર્જનનું તે નિમિત્ત બને છે. માની મમતા જેવી મમતા, એના જેવી હૂંફ, એના જેવું વાત્સલ્ય અને સમર્પણ આ જગતમાં અન્યત્ર ક્યાં મળી શકે ? માંદું બાળક પડે ને દૂબળી મા થાય ! પીડા બાળકને થાય અને આંખમાં આંસુ આવે માની. એટલે તો ગુજરાતી ભાષામાં બા અને બાપા શબ્દો વપરાય છે. બા કરતાં જે પા ભાગનો, એક ચતુર્થાંશ ભાગનો પ્રેમ કરી શકે, કાળજી અને ચીવટ રાખી શકે, ચિંતા અને ચિંતન કરી શકે, ઉછેરમાં સહભાગી થઈ શકે તે બાપા. માટે જ 'મા તે મા.'

હવે બે કાવ્યપંક્તિનાં ઉદાહરણ લઈએ.

•

**ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું મસ્તક હાથ :**

ઈશ્વરે બીજાં પ્રાણીઓને જે ત્રણ વસ્તુ નથી આપી તે માણસને આપી છે. હૈયું આપ્યું છે જેથી એ સુખ-દુઃખ, આનંદ-શોક અને સમસંવેદન અનુભવી શકે. મસ્તક આપ્યું જેનાથી તે વિચારી શકે. આયોજન કરી શકે, સારું નરસું સમજી શકે. હાથ આપ્યા જેનાથી તે અનેક કામો કરી શકે. આ ત્રણ અંગોની મદદથી તેણે સમાજને વિકસાવ્યો, પ્રગતિ કરી. હૈયું હોવાને કારણે તે બીજાનાં દુઃખસુખ પણ સમજી શકે છે અને તેથી અનેક કલાઓને જન્મ આપી શકે છે. સંગીત, સાહિત્ય, નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય જેવી કલાઓ તેના હૈયામાં ધબકતી સર્જકતાની સાક્ષી પૂરે છે. તો મસ્તકમાં આવેલા મગજથી તેણે વિજ્ઞાનને અને યંત્રવિદ્યાને વિકસાવી. ભૌતિક અને આર્થિક વિકાસ જ નહીં પણ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસ પણ મગજની નિપજ છે. મગજને કારણે જ તે જ્ઞાનવાન બન્યો. અને હાથે તો કમાલ કરી. કલા અને વિજ્ઞાનની મદદથી જે કંઈ માનવે સર્જ્યું તે હાથની જ કમાલ છે.

ટોલ્સટોયની એક વાર્તા જાણીતી છે. એક ગરીબ માણસે તેને કહ્યું, 'હું ખૂબ ગરીબ છું. મારી પાસે કંઈ નથી' ટોલ્સટોય કહ્યું, 'હું એક વેપારીને ઓળખું છું. તે તારા બે હાથ પચીસ હજારમાં ખરીદી લેશે.' પેલા ગરીબને તરત ભાન થયું કે આ હાથ પચીસ હજાર તો શું, પચીસ લાખ પેદા કરવા માટે સમર્થ છે. એટલે કવિ કહે છે કે ઈશ્વરે ત્રણ વાનાં આપીને મારા પર બહુ મોટો ઉપકાર કર્યો છે. હવે એ વરદાન માગવાનું કહે તો પણ આ ત્રણ કરતાં તો વધુ હું શું મેળવી શકવાનો છું ? એટલે જ સંતોષપૂર્વક કહે છે કે 'બહુ દઈ દીધું નાથ !' જા ચોથું નથી માગવું.

•

**બાથ ભરી ભેટ્યા થકી કરીએ નહિ વિશ્વાસ**

મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા પછીનો પ્રસંગ છે. બધા કૌરવો મૃત્યુ પામ્યા હતા. પાંડવો જીવતા હતા. તેઓ પોતાના કાકા ધૃતરાષ્ટ્રને પગે લાગવા ગયા. ધૃતરાષ્ટ્રને પોતાના સોએ પુત્રોનો વધ થયો હતો તેથી ઘણું

દુઃખ હતું. એ ઉપરાંત ભીમે ગદાયુદ્ધમાં દુર્યોધનને નિયમવિરુદ્ધ સાથળ ઉપર ગદા મારીને હણ્યો હતો તે માટે ભયંકર ગુસ્સો પણ હતો. પાંડવો પગે લાગ્યા પછી અંધ ધૃતરાષ્ટ્રએ પૂછ્યું. 'ભીમ ક્યો છે ? મારે એને ભેટવું છે. 'કૃષ્ણએ સમયસૂચકતા વાપરી ભીમને બદલે ભીમનું પૂતળું ધૃતરાષ્ટ્રની સામે મૂક્યું. ધૃતરાષ્ટ્ર એને એટલું બળ કરીને ભેટ્યા કે લોખંડના પૂતળાના ચૂરેચૂરા થઈ ગયા અને ધૃતરાષ્ટ્ર મૂર્છિત થઈ ગયા.

આવો જ બીજો પ્રસંગ શિવાજી અને અફઝલખાનનો છે. એ લોકો ભેટ્યા અને પોતાની આંગળીઓ પર પહેરેલા વાઘનખથી શિવાજીએ તેની પીઠ ચીરી નાખીને તેને યમસદન પહોંચાડ્યો.

આ બંને પ્રસંગો સૂચવે છે કે કોઈ બાથ ભરીને ભેટે તો તેનો વિશ્વાસ ન કરવો. આપણા મૃત્યુનું કારણ પણ થઈ શકે. પ્રેમ માત્ર દેખાડો જ હોય. અહીં કવિએ સૂડીનું ઉદાહરણ આપ્યું છે. સૂડી પોતાના બે હાથ પહોળા કરી, ફોકળ એટલે કે સોપારીને બાથમાં લે છે અને બીજી મિનિટે તેના બે કકડા કરી નાખે છે. દુશ્મનો પણ ધૃતરાષ્ટ્ર, શિવાજી કે સૂડીની જેમ જ પ્રેમનો દેખાડો કરીને આપણને ભ્રમમાં રાખીને આપણો વિનાશ કરી શકે એમ કવિએ અહીં સૂચવ્યું છે.

ઉપરના વિચારવિસ્તાર ફરી ફરીને વાંચો. કઈ રીતે મૂળ વિચારના મુદ્દાઓનો વિસ્તાર કર્યો છે તે બરાબર સમજો. કઈ રીતે ભાષાસામગ્રીનો ઉપયોગ કરીને પોતે વિસ્તારેલા મુદ્દાઓ નિરૂપ્યા છે તેનું મનન કરો અને પછી તમારી મેળે આ જ પદ્ધતિએ નીચેના જેવી થોડી પદ્ય પંક્તિઓ અને ગદ્ય પંક્તિઓનો વિચાર વિસ્તાર કરો :

(૧) સુખ સમયમાં છકી નવ જવું દુઃખમાં ન હિંમત હારવી.

(૨) સત્ય એ જ પરમેશ્વર છે.

(૩) તારી હાક સૂણી કોઈ ના'વે તો તું એકલો જાને રે.

(૪) સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.

(૫) જીવવા નહિ તો મરવા કોઈ ભવ્ય પ્રસંગ તું દે !

(૬) તને નમું, પથ્થરને ય હું નમું, શ્રદ્ધા તણું આસન જ્યાં નમું ત્યહીં.

•